સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૨૨૨૨૫૫૫

સલામી સવારની..

એક એક દિવસનો જીવન પર ભાર લાગે છે,
ઘાટ સુધી સફર નિરર્થકતાનો સાર લાગે છે,
વાર લાગે છે આ સત્ય સમજતાં જીવનભરની -
કે નિરપેક્ષ-નિર્લેપતામાં જ બેડો પાર લાગે છે..
(૭૫ વર્ષે લાધ્યું સત્ય)

હાઈકુ

સ્વાર્થી મૂષકો,
કરે છે નાસભાગ -
ડૂબતી નાવે
(પલ્ટી-રાજીનામાં)

શિસ્ત ના દંડે
હતી બોલતી બંધ -
ઉંચકે માથાં..
(કોંગી પ્રધાનોનાં નિવેદન)

ચિંતન

કુટિલા લક્ષ્મીર્યત્ર પ્રભવતિ ન સરસ્વતી વસતિ તત્ર, પ્રાયઃ શ્વશ્રુશ્નુષયોર્ન દૃશ્યતે સૌહૃદં લોકે ॥

'જ્યાં કુટિલ લક્ષ્મીની પ્રભુતા-સત્તા-મહત્તા આણ પ્રવર્તતી હોય-ત્યાં સરસ્વતી રહેતી નથી. (લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે સાસુ-વહુ જેવા સંબંધ હોય છે) આથી જેમ સંસાર-વ્યવહારમાં પણ સાસુ-વહુમાં હૃદયથી પ્રેમ-ભાવ નથી હોતો તેમ, સરસ્વતી અને લક્ષ્મીનો સુભગ સમન્વય ભાગ્યે જ દેખાતો હોય છે.'

સામાન્યતઃ વ્યવહારમાં કલાકારો-વિદ્વાનો-સાહિત્યકારોની આર્થિક પરિસ્થિતિ એટલી સદ્ધર નથી હોતી જેટલી વેપારીઓ-કાળા બજારીયા-નેતાઓની હોય છે. કૌભાંડ-ખાયકી કરનારા સત્તાધીશો અને નેતાઓ લક્ષ્મીની પથારીમાં લેટતા હોય છે આવા લોકો પાસે સત્યવાદી-કર્મયોગી નિષ્ઠાવાન સાહિત્યકારો પાણી ભરતા હોય છે કે તેમનાથી દૂર ચાલ્યા જાય છે.

લક્ષ્મી અને સરસ્વતીનો સંબંધ સાસુ-વહુ જેવા અહીં કવિએ એટલા માટે જ કહ્યો છે. લગભગ સાસુના ક્ષેત્રમાં વહુ કે વહુના ક્ષેત્રમાં સાસુનો પ્રવેશ નિષેદ હોય છે. એકમેકની આંખો લડે ત્યાં સ્નેહભાવની તો આશા જ કેમ?

સુવિચાર

- વધારે સુખી થવા માટે ઓછા દુઃખી થવાની જરૂર છે, ઓછા દુઃખી થવું એટલે જે છે તેને સહજ રીતે સ્વીકારવું - *અંકિત ત્રિવેદી*
- વધારે પડતું ફરિયાદ સ્વરે ઉચ્ચારવા કરતાં બિનસંવાદી બનીને સ્વીકારતા જઇએ તો મુશ્કેલ પ્રશ્નો આસાન અને પડતર જૂના પ્રશ્નોનું સમાધાન મળવા માંડશે - *ડૉ. મૃગેશ વૈષ્ણવ*
- લાંબી લચક કયાં પટાઇ છે પાનબાઇ, આખા અક્ષર તો અદી છે પાનબાઇ, ક્યાં કશું દેવતાઇ છે પાનબાઇ, જે છે તે માણસાઇ છે પાનબાઇ - *ગંગાસતી*
- કોઇના સુખમાં નિમિત્ત બનો પણ ભાગીદાર નહીં, અને કોઇના દુઃખમાં ભાગીદાર બનો પણ નિમિત્ત નહીં - *જીવન શિક્ષણ*
- દરેક મહાન વ્યક્તિ મધ્યમવર્ગમાંથી જ પેદા થાય છે - *શેખ સાદી*
- જે હસી શકે છે તે કદી ગરીબ હોઇ જ ન શકે - *સ્પેનીશ કહેવત*
- પ્રાર્થના એ દિવસભરની ચાવી છે, અને રાત્રે સુવાના સમયે દિલને લગાડવાનું તાળું - *જનકલ્યાણ*

(સંકલન : દીપક વી. ભાસરા)

બોધ કથા

આજે તો નેતાઓ, ક્રિકેટરો, સરકારી બાબુઓ બધા પૈસા જોઇને જાતને, સિદ્ધાંત, કર્તવ્ય અને ફરજને વેંચી નાખે છે. જાતે નક્કી કરેલા આદર્શ-સિદ્ધાંત-મૂલ્યો-સત્યો 'સનાતન'રહેવા જોઇએ કોઇ પણ પરિસ્થિતિ-લોભ-લાલચ-દબાણ આવે એને કોઇ પણ જાતની અસર ન થવી જોઇએ.

એક ચર્ચમાં, રવિવારની પ્રાર્થના સભામાં ફાદરે એક સોનાનો સિક્કો કાઢી પ્રાર્થનામાં બેઠેલા ભાવુકોને પૂછ્યું આ સોનાનો સિક્કો મેળવવા તમારામાંથી કેટલા ઇચ્છુક છે? બધા હાથ ઊંચા થઇ ગયા.

ફાદર, પછી એ સિક્કા પર થૂંક્યા - પછી પૂછ્યું હવે આવો ગંદો સિક્કો લેવા કોણ ઇચ્છુક છે? ફરી એ જ બધા હાથ ઉંચ્યાં થયા.

પછી ફાદરે કાદવમાં નાખ્યો, હથોડાથી ટીપી નાખ્યો-દરેક વખતે એ જ પ્રશ્ન એ જ ઇચ્છાઓ હાથની સંખ્યામાં કોઇ ઓટ આવી જ નહીં.

પછી ફાદરે, પ્રાર્થના સભાને પૂછ્યું સિક્કો આવો ગંદો-બેડોળ થઇ જાય છે છતાંય બધા એની અપેક્ષા શા માટે રાખે છે?

વેપારી પ્રાર્થકે જવાબ આપ્યો, ફાદર એ સિક્કાના ઘાટ ઘૂટ્યું નહીં પણ એમાં રહેલાં 'સોના'નું મહત્ત્વ છે.

ફાદર કહે, એવી જ રીતે તમારાં કર્તવ્ય-ફરજ-સિદ્ધાંતો તમારા માટે 'સોનુ' છે એને કોઇ પણ લાંચ-રૂશ્વત દબાણની થૂકો-કાદવ-ગંદકીથી બગાડવા પ્રયત્ન કરે તો પણ તમારી માટે તો એ સોનાનું જ મહત્ત્વ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

વિવિધલક્ષી જીવનોપયોગી પુસ્તકોની સાહિત્યલક્ષી સમીક્ષાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

મને લાગે છે કે મારા ભાગે આજે અઘરું કામ આવ્યું છે. 'શબ્દ સમીપે'ની મારી કોલમમાં વિવિધ લેખકો અને પ્રકાશકો તરફથી મળતાં પુસ્તકોની સમીક્ષા છેલ્લા ઘણા સમયથી કરૂં છું. તેમાં ઘણાં વિષયોના પુસ્તકો આવતાં રહ્યા છે. પરંતુ આજે જેની વાત મારે તમને કરવી છે તે વિશેષ રસપ્રદ એટલા માટે છે કે પુસ્તકોની સમીક્ષાઓ જેમાં કરવામાં આવી હોય તેવી સમીક્ષાઓનું આ પુસ્તક છે. જેની પ્રસ્તાવનામાં લેખકે આપણા સામાયિકો અને અખબારોમાં પુસ્તકોની સમીક્ષાની શું સ્થિતિ છે તેનો ખ્યાલ આપીને વાચકને તેમાં રસ પડે તેવી વાતો મુકી આપી છે.

હા, આજે હું તમને ડંકેશ ઓઝાના તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તક 'સાહિત્ય સંદર્ભ' અંગે વાત કરવા માંગુ છું. આ પુસ્તકનું શિર્ષક છેતરામણું છે કારણ કે અહીં જે પુસ્તકોની સમીક્ષાઓ પસંદગીપૂર્વક ગ્રંથસ્થ કરવામાં આવી છે. તેમાં મોટા ભાગના શુદ્ધ સાહિત્યમાં નથી. એટલે કે કવિતા, વાર્તા-નવલકથા, નાટક જેવા સાહિત્ય પ્રકારોનાં નથી. પણ લેખકને સમાજોપયોગી સાહિત્યમાં રસ છે. એવું તેમનું પોતાનું પણ મંતવ્ય છે. એ રીતે વ્યાપક રીતે એ તો અહીં સાહિત્યિક પત્રકારત્વ છે. સાહિત્ય નથી. જેને લેખક પોતાની મર્યાદા ગણવાને બદલે વ્યક્તિ વિશેષ સમજે છે.



આ પુસ્તકમાંથી પસાર થતાં આપણને ૨૨૮ પાનામાં ૪૩ જેટલી સમીક્ષાઓ મળે છે. આ બધી જ સમીક્ષાઓ આપણા જાણીતાં સામાયિકોમાં પૂર્વે પ્રગટ થયેલી છે. લેખકે અહીં જે સમીક્ષાઓ મુકી છે તેનો હેતુ સમજાવવા માટે પ્રસ્તાવનામાં તેઓ સ્પષ્ટતા કરતાં કહે છે કે આખરે તો જીવાતું જીવન મહત્ત્વનું છે. આ દોજખ જેવા જીવનને આનંદથી ભરતાં શીખવાનું છે. સાહિત્યનાં પુસ્તકો કે અન્ય રસપ્રદ પુસ્તકો આનંદ ભરવા પ્રસાયમાં ખૂબ મહત્ત્વનાં ઉપકરણો છે. અહીં આપણને ગુજરાતની વ્યાપક સંસ્કાર યાત્રા, આત્મચરિત્રનો રસથાળ, જોઇ જવા જેવો લેખ સંચય, આપણો સમૃદ્ધ વારસો, ભાષાપ્રેમનો પુરાવો, કાલગ્રસ્ત થઇ રહેલા આદિમુદ્રિત ગ્રંથો, સત્તર સૂર્યોનો પ્રકાશ, રસપ્રદ અને વિગતલક્ષી સંશોધન ગ્રંથ, 'મારાં પુસ્તકોની છાંજલીની આરપાર' નાનકડા જ્ઞાનકોષરૂપ ચર્ચા પત્ર સંગ્રહ, દલિત સાહિત્યની આત્મકથા, ઉપયોગી રસપ્રદ વાંચન જેવા લેકોની સાથે સાથે સાહિત્ય અને સમાજ જીવનના કેટલાંક વિવાદાસ્પદ મુદ્દાઓ અંગેના લેખો પણ મળે છે જેમ કે - ડો. આંબેડકરના પાકિસ્તાન વિશેના વિચારો, સંવેદનાને જોરદાર લપડાક, નરકુંડની વાસ ઓફિસ સુધી, 'ડાંડિયો'માં નર્મદનો સમાજધર્મ, સાહિત્યમાં ઉંઠાતરીનો પ્રશ્ન, ભાષી સભાનતા જ ક્યાં છે? પ્રશ્નો અનુવાદના ધરતીકંપ-શબ્દકંપ, ગાંધીજી કેવા સાહિત્યકાર હતા? આપણને બીજા દલપતરામો મળશે? પારિતોષિકોના સ્વીકાર-અસ્વીકાર, વિગેરે. ગ્રંથસમીક્ષા અંગે આપણા જાણીતા વિવેચક રમણ સોનીએ લખ્યું છે કે ગ્રંથસમીક્ષાની સ્થિતિ બહુ નાજુક છે! એક કારણ તો એ કે સમીક્ષકો દુર્લભ થતા જાય છે. તત્ત્વનું ટૂપણું એમને તુચ્છ લાગતું નથી. 'સિદ્ધાંત' વિવેચન એ લખી નાખશે, પ્રવાહ દર્શન કરી બાંધે ભારે ચુકાદા આપવામાં એમની કલમ અવરોધ પામતી નથી. પુસ્તકો સંસ્પર્શ કરાવી આપનારી સૂઝભરી આસ્વાદલક્ષી સમીક્ષા કે પુસ્તકનાં મર્મો ખોલી આપનારી માર્મિક રીતે એનાં ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ તત્ત્વો ચીંધી આપનારી મૂલ્યલક્ષી સમીક્ષાઓ ઓછી મળે છે. આર ઘસડનારી, અવતરણ ભાર ભારેખમ ગોળગોળ 'ગાર્ડેડ' કે પછી કૃતિનેય બાજુ પર રાખી મિજલીનિમગ્ન રહેતી સમીક્ષાઓ વધારે મળે છે. સમીક્ષાની લખાવટના સમીક્ષા લેખની અભિવ્યક્તિના પણ પ્રશ્નો છે. તેમાં વળી પ્રકાશિત થાય છે એ બધાં સાહિત્ય પુસ્તકો સુલભ નથી બનતા, મળે છે એમાંથી 'સમીક્ષા-યોગ્ય' (ઉત્તમ અને ચર્ચાક્ષમ) ઓછાં મળે, 'યોગ્ય અવલોકનકારો' નજરે તો ઘણાં ઓછા પડે છે.

તો યાસીન દલાલના મત મુજબ કેટલાક સમીક્ષકો સમીક્ષામાં ગોળ ગોળ વાતો કરે છે અને સ્પષ્ટ અભિપ્રાય આપતા નથી. આમ કરીને તેઓ વાચકને ઉલટું વધુ મુંઝવણમાં નાંખે છે. આવી સમીક્ષાઓ અર્થહીન છે. આપણે ત્યાં આવા ઢગલાબંધ સમીક્ષકો છે. જેઓ મૂળ લેખકને ક્યાંક માઠું ન લાગી જાય એની સતત કાળજી રાખે છે કારણ કે મોટા ભાગના લેખકો વિવેચકો પ્રત્યે એક પ્રકારની સૂગ ધરાવે છે. તેના કારણે ચંદ્રકાન્ત ટોપીવાલા એ નોંધ્યું છે કે, 'આજે સામયિકોમાં પ્રગટ થતાં કે ટી.વી. યા રેડિયો પર રજૂ થતાં ગ્રંથાપલોકનો પર ધ્યાન આપો તો સમજાશે કે તેમાં પસંદગી પામતા પુસ્તકોથી માંડી અવલોકનકારની પસંદગી સુધીની એક અરાજકતા ચારે બાજુ પ્રસરેલી છે. પસંદગીનાં ધોરણો એકદમ અંગત બની ગયા છે. અવલોકનો ઉપરચોટીયાં, છીછરાં અને સાહિત્ય-કારણની બૂથી ખરડાયેલા રહ્યાં છે. તેમ છતાં ટોમસ ફૂલરનું આ વિધાન ખુબ જ સૂચક છે. કે 'જે પુસ્તકોથી પ્રકાશકોને વધુમાં વધુ નુકશાન ગયું છે તેનાથી જ્ઞાન ને સૌથી વધારે લાભ થયો છે.' તેથી લેખકના મતે કેટલાંક પુસ્તકો ચાખવા માટે હોય છે, કેટલાંક ગળવા જેવાં અને કેટલાંક ચાવવા જેવાં તથા પચાવવા જેવાં હોય છે.

'સાહિત્ય સંદર્ભ' પુસ્તકમાં લેખકે એવાં કેટલાક ખુબ મહત્ત્વપૂર્ણ પુસ્તકો, સાહિત્યપૂર્તિઓની સમીક્ષાઓ રજૂ કરી છે તેનો મુખ્ય હેતુ વાંચન દ્વારા સ્વસ્થ અને સમતોલ માનસ કેળવવાનાં છે અને જીંદગીમાં આનંદ ભરવો છે એવી વિશેષ દૃષ્ટિથી લેખકે કરેલી પુસ્તક પસંદગી અને તેની સમીક્ષાઓ વાંચવી ગમે તેવી છે. આ પુસ્તકને કવિલોક ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. તે તેની વિશેષતા ગણી શકાય.

'સાહિત્ય સંદર્ભ' પુસ્તકમાં લેખક ડંકેશ હરિશંકર ઓઝાનો જન્મ ચોરંદા જિ. વડોદરા ખાતે તા. ૨૦-૪-૧૯૫૩ના રોજ થયો હતો. તેમનું વતન ભરૂચ જિલ્લાનું શુકલતીર્થ છે. બી.એ. ડિપ્લોમાં ઇન સેક્રેટરિયલ પ્રેક્ટિસનો અભ્યાસ ધરાવતા લેખક નિવૃત્ત સરકારી અધિકારી અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના પૂર્વ મહામાત્ર છે. તેમનાં અન્ય પ્રકાશનોમાં નર્મદનો જમાનો - ૧૯૮૪, અને 'સાદ સમાજ સુધારાનો' ૧૯૮૪ બે સંપાદકો પ્રગટ થઇ ચુક્યાં છે. તેઓ એક સારા વિવેચક અને સંપાદક તરીકેની નામના ધરાવે છે. મળતાવડો અને સૌજન્યશીલ સ્વભાવ ધરાવતા લેખક જયાં મળે ત્યાં તેમને મળવાનું ગમે તેવો મિજાજ ધરાવે છે. તેથી તેમને ખુબ હળવાશથી મળી શકાય છે.

સાહિત્યની સમીક્ષાઓનાં પુસ્તકો અકાદમી કે પરિષદ જેવી સાહિત્ય સંસ્થાઓ પ્રગટ કરતી હોય છે પણ અહીં જે વિવિદલક્ષી જીવનોપયોગી કહી શકાય તેવાં પુસ્તકોની સમીક્ષાઓનું પુસ્તક પ્રગટ કરી કવિલોક ટ્રસ્ટે મોટું 'સાહસ' કર્યું છે. ત્યારે તેના લેખકને અભિનંદન આપી 'સાહિત્ય સંદર્ભ'ના આ ગ્રંથને આવકારૂં છું.

સાહિત્ય સંદર્ભ
લેખક - ડંકેશ ઓઝા
પ્રકાશક - કવિલોક ટ્રસ્ટ C/o *કુમાર ટ્રસ્ટ, ૧૯૫૪,*
રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧
કિંમત - રૂા. ૨૦૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

કયા વાંકે? કઇ મજબૂરીએ આ અઢારથી પચ્ચીસ વરસની ફુલગુલામી અને જોઇને જ પુત્રીભાવ જન્મે એવી માસૂમ કન્યાઓને સાત સાત કલાક ઊભા ને ઉભા રહેવાની સજા અપાતી હોય છે?

હું રસ્તો રઝળતી વારતા

- અચના કમલેશ

તમે મહામોટા મોલની જાહેરખબરો જુઓ છો. તમે પચાસ ટકાના સેલની જાહેરખબરો જુઓ છો. આવી ગણી જાહેરખબરોમાં તસવીરો પણ હોય છે અને એમાં આકર્ષક માલસામાન તેમજ આકર્ષક છોકરીઓ પણ દેખાય છે. કેટલીક જાહેરખબરોમાં માલ કમ અને માનુની વિશેષ દેખાય છે. એ છોકરીઓમાં કેટલીક જાહેરખબરોની 'મોડેલ' છોકરીઓ હોય છે તો કેટલીક જે તે મોલ કે દુકાનની સેલ્સ ગર્લ્સ હોય છે.

હા, સેલ્સ ગર્લ્સ, વિક્રય કન્યાઓ. દુકાનનો માલ વેચનારી યુવતીઓ. માલની જેમ જ સારી એવી સજાવટ સાથે ગ્રાહક સામે પેશ આવતી યુવતીઓ અને એમની હાલત અન્ય એક કુત્સિત પ્રકારે 'વિક્રય' માટે પેશ આવતી યુવતીઓ કરતાં સહેજ જ સારી છે. એમાંથી નહિવત્ યુવતીઓનું શારીરિક શોષણ થતું હશે. પરંતુ અન્ય પ્રકારે ભયંકર શોષણ થાય છે.

આ સેલ્સ ગર્લ્સની યાતનાઓ વિશે ગુજરાતના જાણીતા વાર્તાકાર રજનીકુમાર પંડયાએ પંદરેક વર્ષ અગાઉ એક લેખ લખેલો. લેખ લખતી વખતે એમની ભાવના હતી કે પ્રસ્તુત લેખ વધુ વાચકો સુધી આ મુદ્દો પહોંચાડીએ અને આ બાળાઓ પ્રત્યે નાગરિક સહાનુભૂતિ જગાડીએ. માટે આ લેખ,

ધારી લો કે, 'એક વિશાળ સાડી સ્ટોરનાં માલિક મને સમજાવવા માંડ્યા... કે કોઇ કસ્ટમર સ્ટોરમાં દાખલ થાય અન સાડીઓ જોવા માગે તો બેઠેલી સેલ્સ ગર્લને ઊભી થતાં વાર લાગે ને! એટલે... આ....'

ત્યાં વળી પાછળ બેઠેલો એમનો જોડીદાર ગલ્લાની બહાર આવ્યો. મને કહે. અમેય કલાકો સુધી ઉભા રહીએ જ છીએ ને વળી!

સાવ વાહિયાત દલીલો સામે મારાથી ધીમે અવાજે, હોઠ ફફડાવીને પ્રતિવાદ કરવા સિવાય વધુ કશું થઇ શકે તેમ નહોતું. કારણ કે મારી પાસે સત્તા નથી. ક્યાં કાયદાનું શરણું લઇને આ, મહિને માત્ર બે ત્રણ હજારનો પગાર પામતી, રોજ આઠ-નવ કલાક માટે રોજગારી કરવા દૂર દૂરના પરામાંથી આવતી આ દૂધમલ દાંતવાળી જુવાન છોકરીઓને બેસવાની, વ્યવસ્થા કેવી રીતે અપાવી શકાય એ હું જાણતો નહોતો. મારો મહોરો સામાજિક કાર્યકરનો નહોતો. ગ્રાહકનો હતો અને ગ્રાહકને કોઈનાં વ્યવસાયની આંતરિક બાબતમાં દખલ કરવાનો હક શાનો હોય?

કશું પણ ખરીદ્યા વગર હું એ સ્ટોરમાં પગથિયાં ઊતરી ગયો, પણ મારા એકલાના પગથિયાં ઉતરી જવાથી કાંઇ થવાનું નથી. અમદાવાદ, મુંબઈ, સુરત, વડોદરા બધે જ ફર્યો છું. સરસ મજાના ભરઉનાળે શીતળતાનો હાશકારો પ્રગટાવનારો અહેસાસ એ વિશાળ એરકન્ડિશન્ડ સ્ટોર, સુપર સ્ટોર, સુપર માર્કેટમાં થાય છે. પણ માત્ર ચામડીને શીતળતા સ્પર્શે છે, મનમાં તો ચિત્કાર ઉઠે છે.

કયા વાંકે? કઇ મજબૂરીએ આ અઢારથી પચ્ચીસ વરસની ફુલગુલામી અને જોઇને જ પુત્રીભાવ જન્મે એવી માસૂમ કન્યાઓને સાત સાત કલાક ઊભા ને ઉભા રહેવાની સજા અપાતી હોય છે? હા, એમની નોકરીનો એ નિયમ છે. સવારના દસેક વાગે આવી જવાનું અને સાંજે આઠ વાગે કદાચ સાડા આઠ પણ થાય ત્યારે છૂટવાનું. વચ્ચે કલાક પોણો કલાક લંચ ટાઈમ. બાકીના સાત-સાત કલાક ઊભા રહેવાનું, ભીંતે ટેકો નહિ લેવાનો કે કાઉન્ટર પર કોણીઓ ટેકવીને પગ પરનું વજન ઓછું નહિ કરવાનું. કારણ કે બોસ કહે છે કે એ ડિસિપ્લીન વિરૂદ્ધનું છે.

એક વાર આવી થોડીક દીકરીઓના જીવનમાં જરાક ડોકિયું કરવાની તક મળેલી. અમેરિકાવાસી ઈશ્વર પટેલ મારા મિત્ર અને 'પુષ્પદાહ'ના નાયક. હવે અહીં સપરિવાર સ્થાયી થયા છે. એમની સાથે હું આવી એક સુપર માર્કેટમાં ગયો હતો. સાવ સફેદ વાળવાળા. એમને જોઇને પેલી દીકરીઓ દાદા... દાદા... કહીને એમને કાનમાં ચકતીઓની જેમ મીઠો કલરવ ભરી દીધો.

'દાદા, આ લઈ જાઓ. આ સારી બ્રાન્ડ છે. ટકાઉ છે દાદા, બે ઉપર એક ફ્રીની સ્કીમ છે.'

આ દાદા પણ એમને લાડ લડાવે. દીકરીઓ, સામેની ગલીમાં મારૂં ઘર છે, વાઇફ છે. અમેરિકાથી મારા ગ્રાન્ડ ચિલ્ડ્રન આવ્યા છે. ઘરે આવજો લો, આ મારૂં કાર્ડ.

'પણ દાદા, સાંજે સાડા આઠે ઘરે ન પહોંચીએ તો પપ્પા-મમ્મી ચિંતા કરે. ભઈલુને સાઈકલ પર લેવા દોડાવે.'

'ઘરે ફોન કરી દેજો.'

'અરે, પણ ઘરે ફોન ક્યાં છે?' ચહેરા પર જરા ઓછપનો ભાવ ફરી વળ્યો.

'તો પણ, પાંચ મિનિટ માટે આવજો. તમને બધીઓને અમેરિકાની બદામ ખવડાવીશ. અરે આઈસ્ક્રીમ પણ.'

રાતે સવા આઠે એમને ત્યાં હતો ત્યાં પેલી ચકલીઓનું ટોળું આવી પહોંચ્યું. અરે, આ એ જ ધીરતાં તીર, વોશિંગ પાઉડરનું એક પેક લેવા આવનાર કસ્ટમર તરફ માત્ર ફરજની રૂએ મોં મલકાવતી રોબો ગર્લ?

અરે, આ તો શોફના યુનિફોર્મને બદલે કિલકિલાટ કરતી મુક્ત પંખિણીઓ! નટઘટ, શરારતી. ગાલે ખંજન, નિર્મળ આંખો એન એમાં સપનાં સજાવેલા દાદા પાસે લાડ કરતી, એમના સફેદ વાળ પર કોમળ આંગળીઓ લસરાવતી મુગ્ધ કન્યાઓ!

પૂછ્યું તો ખબર પડી કે શોખથી નોકરી કરવા અહીં કોઈ નથી આવતું. પપ્પા અપંગ છે. કમાતા નથી... આ પપ્પા નથી, બ્રધર નથી... અથવા તો અલગ રહે છે. હા, હું કોલેજમાં થર્ડ યરમાં હતી. માર્કસ? એ તો હવે ઠીક. ધાર્યું હોત તો ગ્રેજ્યુએશન પૂરૂં કરી શકત પણ...

'કેમ ધાર્યું નહિ?'

સ્મિત વિલાઈ જાય. છૂપું આંસુ આંખને ખૂણે દેખાઈ જાય.

'જોબ લેવી પડે એવું હતું. બાકી આમ તો...'

કોઈ વળી તમાચો મારીને ગાલ લાલ રાખે.

'પપ્પા બહુ વટવાળા છે. દીકરી કમાઈને લાવે એ ભલે લાવે. હું એની સેલેરીને ન અડકું પણ... છે ને... મમ્મી આખર તારીખ સુધીમાં એમની ટેક મુકાવી દે.'

'લગ્ન?'

'લગ્ન? હા, હા, કરવા છે. ઘર માંડવું છે. મારી સાથેની એક છોકરી સેટલ પણ થઈ ગઈ. એક બાબો....'

નહીં, નહીં, આમાંની કશી પણ કથા કાલ્પનિક નથી. કલ્પી પણ ન

અનુસંધાન પાના નં. ૬ પર

લોકશાહીમાં સૌથી સશક્ત જો કોઇ હોય તો તે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી કે ન્યાયમૂર્તિ નથી, પરંતુ આ બધાંને નક્કી કરનારો સામાન્ય માણસ છે એટલે કે સામાન્ય નાગરિક છે

યે પબ્લિક હૈ, યે સબ જાનતી હૈ!

- ડંકેશ ઓઝા

આ ઘોળિયાઓની જમાત નાશ પામે તો દેશનો ઉદ્ધાર થઇ જાય! પણ દેશના પ્રશ્નોના આવા કંઇ સહેલાસર જવાબો હોતા નથી. રાજકારણ જો હવાડો ગણીએ તો સમાજ એ કૂવો છે. કૂવામાં હોય તે જ પાણી હવાડામાં આવતું હોય છે.

ઇંડુ પહેલું કે મરઘી એવા કાયમી સવાલોના ચોક્કસ જવાબો વિના જગત ચાલ્યા કરે છે. ગ્રાહક પહેલો કે વેપારી, મતદાર પહેલો કે ઉમેદવાર, અધિકારી પહેલો કે અરજદાર, સ્ત્રી પહેલી કે પુરૂષ આવા કોઇ પણ સવાલના ચોક્કસ જવાબો નથી. સત્ય તો એ છે કે બંને એકબીજાના આધારે ચાલતા હોય છે. લોકશાહીમાં પ્રજાથી વધુ મૂર્ખ સરકાર સંભવિત નથી એ આ થર્મા બરાબર સાચું છે.

ઉમેદવારો જોઇને આપણને મત આપવાનો જે થોડો ઘણો ઉત્સાહ હોય છે તે પણ ઓસરી જતો હોય છે. ઉમેદવાર નક્કી નહિ કરી શકવાને કારણે પછી આપણે પક્ષનો વિચાર કરતા હોય છે. ક્યો પક્ષ સારો અને ક્યો ખરાબ. એમાં આપણને એટલે કે મતદારોને બહુ અભ્યાસ તો હોતો નથી અને તેથી જ સત્તા પર હોય તેને જ ચૂંટવા અને નવાને ચૂંટવા એવો એક ઉકેલ જડી જતો હોય છે. મતદારોની આ માનસિકતાને રાજકીય પંડિતો 'એન્ટી ઇન્કમ્બન્સી' કહેતા હોય છે. સત્તા ભોગવતા પક્ષને આ પરિબળનો સામનો કરવાનો આવે છે.

બરાબર સમજવાની જરૂર છે કે ભાજપ અત્યારે 'એન્ટી ઇન્કમબન્સી'ના જોરે કુદી રહ્યો છે. મોદી સાહેબ તેથી જ વ્યાપક ઝુંબેશ કરે છે કે ભારતને 'કોંગ્રેસ-મુક્ત' બનાવો. સામે પક્ષે કોંગ્રેસ એવો પ્રચાર કરે છે કે ભારતને 'ભ્રષ્ટાચાર મુક્ત' બનાવો. વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સાચું કહે છે ભાજપને એટલે કે ( ) ને જો વિજય પ્રાપ્ત થશે તો તેનો જશ સોનિયા અને મનમોહનસિંહના ખાતે લેખાશે. પક્ષની અંદરના ડખાને કારણે લાલજી મોદીને જશ આપવા માગતા નથી એવું રાજકીય નિરીક્ષકો લખે છે તે પણ સાચું હોઇ શકે છે. પરંતુ ૧૯૫૨થી દેશની પ્રત્યેક સંસદીય ચૂંટણીમાં સક્રિય રહેલા અડવાણી રાજકારણ ને બરાબર સમજે છે તેનો પણ પડઘો તેમના નિવેદનમાં સંભળાય છે.

મતદારોની દૃષ્ટિએ આપણે ક્યાં ઉમેદવારોને મત આપવો અને તે પસંદગી આપણે કેવી રીતે કરવી તેની ચર્ચા કરી રહ્યા છે. ઉપર થોડી ચર્ચા ઉમેદવારના બદલે પક્ષની પસંદગી તરફ કેવી રીતે વળીએ છીએ તેની કરી છે. કેટલાક મતદારોને ભાજપ સાંપ્રદાયિક પક્ષ લાગે છે તો બીજા કેટલાકને કોંગ્રેસ બિનસાંપ્રદાયિક પક્ષ લાગે છે. આ સાંપ્રદાયિક - બિનસાંપ્રદાયિકનું કોકડું એટલું તો ગૂંચવાયેલું છે કે ભાજપ તરફથી 'સ્યુડો સેક્યુલારિઝમ' એવો શબ્દ પ્રયોગ વહેતો કરાયો છે. જેનો અર્થ 'બનાવટી - બિનસાંપ્રદાયિકતા' થાય છે. ભાજપનું કહેવું એમ છે કે અમે સેક્યુલર નથી તો સામે કોંગ્રેસ પણ સેક્યુલર નથી. તે તો 'સ્યુડો - સેક્યુલર' છે. બિનસાંપ્રદાયિકતાનો અંચળો ઓઢીને કોંગ્રેસે લઘુમતીના મતો મેળવ્યા છે, તેમનું તૃષ્ટિકરણ કર્યું છે, પરંતુ તેમનું સાચું કલ્યાણ કર્યું નથી, સામે પક્ષે ભાજપને કોમી દૃષ્ટિએ બહુમતિ તરફ ઢળેલો અને તેથી 'હિન્દુત્વ-મોદીત્વ'માં રાચતો પક્ષ ગણાવાય છે. મતદાર મૂંઝાય છે. તેને આ ટપટપમાં કશી સમજ પડતી નથી અને મમ મમ હાથવગું થતું નથી!

આથી પણ મોટો સવાલ ખોટા ઉમેદવારોનો છે. ખોટા એટલે જે ઉમેદવાર તરીકે યોગ્યતા ન ધરાવતા હોય તેવા. નિષ્પક્ષ સંસ્થાઓ જાત જાતની માહિતી અને વિગતો પ્રજા સમક્ષ લાવીને મૂકે છે જેને સામાન્યપણે બધા જ રાજકીય પક્ષો છુપાવવા પ્રયત્નશીલ હોય છે. તેમાંની એક વિગત એવી છે કે ભારતીય રાજકારણમાં આપણે જેમને 'ગૂંડા' શબ્દથી ઓળખીએ છીએ તેવા ઉમેદવારોનું પ્રભુત્વ ક્રમશઃ વધી રહ્યું છે. આજની ૫૪૩ સભ્યોની લોકસભામાં ૧૬૨ સાંસદો એવા છે જેમની સામે ગંભીર ગુનાઓ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છે અને તેમાંના કેટલાક વિરૂદ્ધ ટ્રાયલ કોર્ટનો પ્રથમ ચૂકાદો આવી પણ ગયો છે. આખા દેશમાં રાજ્યની વિધાનસભાઓનાં કુલ ધારાસભ્યો ૪૦૩૨ જેટલા થાય છે. જેમાંથી ૧૦૬૨ જેટલા ધારાસભ્યો 'ગુનાઇત' ચારિત્ર ધરાવે છે. આ ધારાસભ્યો કે સાંસદોનું પક્ષ પ્રમાણે વિભાજન કરતાં બંને મોટા રાજકીય પક્ષોમાં ૩૦% જેટલા ઉમેદવારો આવા છે. આપણે ભારતીય લોકશાહીના અને ભારતીય સંસ્કૃતિનાં યશોગાન વિશ્વભરમાં કરતા હોઇએ ત્યારે આવતી આ હકીકતો અકળાવી મૂકનારી છે. આ તટસ્થ સંસ્થાઓ બિલકુલ દસ્તાવેજી હકીકતોના આધારે આ વિગતો બહાર પાડે છે. પ્રત્યેક ઉમેદવારે બે એફીડેવિટ કરવી પડે છે. એકમાં એ કહેવું પડે છે કે તેની સામે કેટલા ગુના ક્યાં ક્યાં નોંધાયા છે અને એ ગુનાઓમાં કેવા ચુકાદા આવ્યા છે. બીજી એફીડેવિટમાં પોતે કેટલી સ્થાવર-જંગમ મિલકતો ધરાવે છે. તે પ્રગટ કરવું પડે છે. આ બંને સોગંધનામા ઇશ્વરને માથે રાખીને કરવાના હોય છે. તેમાં પ્રગટ થયેલ હકીકતોના આધારે આ

અનુસંધાન પાના નં. ૬ પર